## ઈશ્વર કોને અસહાય નથી છોડતા ?

જે સજ્જન ઈશ્વર-જ્ઞાન અને ઈશ્વર-પ્રાપ્તિને પોતાના જીવનનું લક્ષ્ય માને છે એમને ઈશ્વર અસહાય નથી છોડતા. લક્ષ્ય-પ્રાપ્તિ પર આપણી દઢતા જ સફળતાનું રહસ્ય છે.

## પ્રેમવચન

જન્મથી મૃત્યુની વચ્ચે જે વસ્તુઓ પ્રાપ્ત કરવાની છે એ ખરેખર ધન-સંપત્તિ નથી. મનમાં ઈશ્વરનું સ્મરણ રહે તો એ જ છે મહત્તમ ઐશ્વર્ય. આ વચન ક્યારેય ન ભૂલવું.

દીપમાલિકા પૂજા, પ્રદોષ, ગિરિ-પ્રદક્ષિણા, પદયાત્રા વગેરેના પાલન માટે સાચી રીત, એથી પ્રાપ્ત સુફળ, શુભકાર્યો વખતે અભિનંદન આપવાની રીત, આધ્યાત્મ બાબતની પ્રશ્નોત્તરી, આત્માની ઉન્નતિ માટે પ્રાર્થનાના પ્રકાર - આ બધાંની માહિતિ માટે નીચે જણાવેલ પુસ્તકો વાંચો

**યુવા વર્ગની ઉન્નતિ માટે હિંદુ ધર્મ દ્વારા પ્રતિપાદિત સફળતાના ઉપાયો મૂલ્ય ₹. 10/-**

**હિંદુ ધર્મ દ્વારા પ્રતિપાદિત સફળતા દેનાર ઈશ્વર પ્રાર્થનાઓ મૂલ્ય ₹. 10/-**


**હિંદુ યુવાજન આધ્યાત્મિક સેવા સંઘ**

**HINDU YOUTH SPIRITUAL SEVA SANGAM**

તથા

**હિંદુ સમગ્ર ઉન્નતિ અભિયાન**

**HINDU UNITED PROGRESSIVE MOVEMENT**

Dhuraimurugar Shiva Meditation Sabha,
Palani-Dindigul Main Road, Kanakkanpatti Post,
PALANI, DINDIGUL Dist. - 624 613, TAMILNADU.


**આ પત્ર હાથોહાથ વિતરિત કરો. સૌની ભલાઈ માટે આ છપાવવામાં સહાયતા કરો.**

GUJARATI

ૐ નમઃ શિવાય

HINDU UPM

Regd : 185/4-2012 www.hinduupm.co.in

# માધુર્યપૂર્ણ હિંદુ ધર્મ દ્વારા પ્રતિપાદિત પ્રાર્થના પદ્ધતિ તથા સફળતા માટે માર્ગદર્શન

## WAY TO SUCCESSFUL PRAYER

જેમ સ્વસ્થ શરીર માટે ભોજન છે
એમ આત્મ શક્તિ માટે હિંદુ ધર્મનું જ્ઞાન જરૂરી છે.

## આપણે શા માટે મંદિર જવું જોઈએ ?

જો આપણે તરતા શીખવું હોય તો કોઈ તળાવમાં જવું જોઈએ. એ જ રીતે ભક્તિ-ભાવના માટે મંદિર જવું જરૂરી છે.

એ મંદિર કોઈ પણ હોય, મનપસંદ હોવું જોઈએ. ભગવાનના નામનું સ્મરણ કરતા તથા મંત્રોચ્ચારણ કરતા ભાવપૂર્વક ફૂલ ચઢાવીને ભગવાનની પૂજા કરવી જોઈએ. દર અઠવાડિયે મંદિર જવાથી મનમાં મંદિર બની જાય છે. આ જ આપણા જીવનના સફળતાની ચાવી છે.

જીવનમાં સફળતા મેળવવા મનપસંદ મંદિરનું ધ્યાન કરીને

**પ્રતિદિન મંત્ર જાપ કરવો**

**ૐ નમઃ શિવાય નમો નમઃ**

**ૐ સચ્ચિદાનંદ નમો નમઃ**

**ૐ સદ્‌ગુરુનાથાય નમો નમઃ**

## મંત્રની મહિમા

આ મંત્ર બોલીને જે કામ શરૂ કરીએ એમાં સફળતા મળે છે. સતત મંત્ર જપવાથી આપણી તકલીફો દૂર થાય છે. ચમત્કારી પરિણામો પ્રાપ્ત થાય છે. એથી મંત્ર-જાપ કરવાનું ન ભૂલો.

## ભગવત્ ભક્તિ શા માટે ?

મોટા ભાગના લોકો શિક્ષણ, નોકરી, વેપાર વગેરેમાં સફળ થવા માટે તથા તકલીફોથી મુક્ત થવા ઈશ્વર પ્રત્યે ભક્તિ દર્શાવે છે. થોડા લોકો મૂળમંત્રનો જાપ કરીને જ્ઞાન પ્રાપ્ત કરીને મૃત્યુ બાદ આત્મ-કલ્યાણ માટે ઈશ્વર-ભક્તિ કરે છે.

ભગવાનની ભક્તિ કરવાથી તથા મંત્ર-જાપ દ્વારા ભગવાનનું સ્મરણ કરતા રહેવાથી હાથમાં લીધેલું કામ સફળ થાય છે.

**જે ભગવાનને પ્રાર્થના કરતા શીખી જાય છે એ ક્યારેય કોઈ પણ સમસ્યાથી ડરતા નથી.**

## સંસારમાં ચાર પ્રકારના ભક્તો હોય છે

૧. મુક્તિ ઈચ્છતા જ્ઞાની પુરૂષ
૨. કૌટુંબિક જીવનમાં પ્રગતિ ઈચ્છતા
૩. રોગ-મુક્તિની પ્રાર્થના કરનારા
૪. ધન-દોલતનું વરદાન માંગવાવાળા

## મનુષ્યોમાં શ્રેષ્ઠ કોણ ?

સજ્જનોના મુખે ઉત્તમ વિચાર સાંભળીને જાણે ખોવાયેલી વસ્તુ પાછી મળી ગઈ હોય એવું વિચારીને મસ્તિષ્ક પર એને અંકિત કરનાર અને એનું પાલન કરનાર મનુષ્ય શ્રેષ્ઠ છે.

## કર્મયોગી કોણ ?

કાર ચલાવનાર ગીત સાંભળતા પણ ધ્યાનથી ગાડી ચલાવી શકે છે. એ જ રીતે સંસારિક કર્તવ્યોમાં ડૂબેલા રહેવા છતાં દરેક ક્ષણ ઈશ્વરનું ધ્યાન કરનાર વ્યક્તિ સાચો કર્મયોગી છે.

## ઈશ્વર દ્વારા છ પ્રકારના લાભ પ્રાપ્ત કરવાની રીત

શિવજી ઈશ્વર છે, તેઓ છ ગુણોથી સંપન્ન છે. હૃદયમાં ઈશ્વરની સ્થાપના કરીને નિયમિત પૂજા કરનારને એમના છએ ગુણ એટલે કે જ્ઞાન, ઐશ્વર્ય, શક્તિ, બળ, વીરતા તથા તેજસ આપ મેળે પ્રાપ્ત થઈ જાય છે.

## શિવધર્મ કોને કહેવાય ?

૧. અહિંસા
૨. મિથ્યાવાદનો ડર
૩. સહનશીલતા
૪. ભલું કરવું
૫. સાચો પ્રેમ
૬. દાન
૭. સચ્ચિદાનંદ શિવની પૂજા અર્ચના કરવી
૮. પુણ્ય-કાર્ય કરવું
૯. શિવજીની માનસિક પૂજા કરવી

## પુણ્ય પ્રાપ્તિ માટે પ્રાર્થનાના વિશેષ દિવસો:

શિવજીના મંદિરમાં સોમવાર, શિવરાત્રી, પ્રદોષ જેવા દિવસે પૂજા તથા અન્નદાન કરનાર પાપ અને રોગથી મુક્ત થાય છે અને પુણ્ય પ્રાપ્ત કરે છે. આથી સાંસારિક સંપત્તિ અને ઈશ્વરીય કૃપા પ્રાપ્ત થાય છે.

**મનની દૃઢતાથી ઈશ્વરનું સ્મરણ કરતા રહેવાથી સારા અવસરો પ્રાપ્ત થાય છે.**

## લાપરવાહ રહેવાથી નુકસાન

૧. વેપારમાં લાપરવાહીથી આર્થિક નુકસાન
૨. વાતચીતમાં લાપરવાહીથી દુશ્મની
૩. શરીર પ્રત્યે લાપરવાહીથી જાનનું જોખમ
૪. ધ્યાનમાં લાપરવાહીથી મનની ચંચળતા

## આત્મ સંકલ્પ:

જે જેવું છે, ધ્યાન કરતી વખતે અને સાથે-સાથે સાંસારિક કામમાં એકાગ્રતા બહુ જરૂરી છે. આવા એકાગ્ર ચિત્તવાળા લોકોને ઈશ્વર ક્યારે પણ અસહાય નથી રહેવા દેતા. તેઓ ધનવાન પણ થાય છે અને ઈશ્વરની કૃપા પણ પ્રાપ્ત કરે છે.

## જ્ઞાન:

જો તમે વિશ્વાસ કરો છો કે ભગવાન હંમેશા તમારી સાથે છે તો તમે તમારૂં કર્તવ્ય બજાવતા-બજાવતા ભગવાનનું સાધન બની જશો. શીરડી સાંઈબાબા

"धूमेना प्रियते वह्नि यथाधर्मोमलेनच
यथोल्चेनावृतोगर्भः तथातेनेद मामृतम्" (भगवद्गीता 1:38)

જેમ ધુમાડા આગને છુપાવી દે છે, ધૂળ દર્પણને છુપાવી દે છે, ગર્ભ ગર્ભાશયને છુપાવી દે છે એમ કામ ભાવનાથી જ્ઞાન છુપાય જાય છે. ભોગના પડદાને ખસેડવા માટે પ્રતિદિન મૂળમંત્રના જાપ દ્વારા ઈશ્વર પ્રત્યે ભક્તિ દાખવતા રહિએ તો કામભોગની ભાવનાનો નાશ થશે અને જ્ઞાનનો ઉદય થશે.

## માતા-પિતાનું કર્તવ્ય:

પ્રાત:કાળે ઉઠીને હાથ-મોઢું ધોઈ, તાજા થઈને, મનોમન મંદિરનું સ્મરણ કરીને ઈશ્વરના ચરણોમાં મનથી પુષ્પ સમર્પિત કરીને મંત્ર બોલો. આમ કરવાથી સમસ્યાઓ દૂર થશે, વેપારમાં વૃદ્ધિ થશે અને આત્મિક સફળતા મળશે. બાળકોને પણ આવી માનસિક પ્રાર્થનાનો અભ્યાસ કરાવવાથી એમનું ભવિષ્ય ઉજ્જવળ થશે. તેઓ ધન અને જ્ઞાનથી સુસજ્જ થશે.

**જેઓ મનથી દૃઢ નથી રહતા અને ઈશ્વરનું સ્મરણ નથી કરતા તેઓ સારા અવસરો માટે વલખે છે.**